## તંત્રી સ્થાનેથી...

### અમેરિકાનો નવો પ્રતિબંધ,રશિયાના રાષ્ટ્રપતિ વ્હાલાદિમીર પુતિનની ગર્લફ્રેન્ડને બ્લેકલિસ્ટ કરી

*રશિયાએ યુક્રેન પર હુમલો કર્યા પછી અમેરિકા સહિતના અનેક દેશોએ રશિયા પર આર્થિક અને અનેક પ્રતિબંધો લાદયા હતા, હવે જાણવા મળેલી માહિતી મુજબ રશિયાના રાષ્ટ્રપતિ વ્હાલાદિમીર પુતીનની ગર્લફ્રેન્ડ પર પણ અમેરિકાએ પ્રતિબંધ મુક્યો છે અને તેને બ્લેક લિસ્ટ કરી દેવામાં આવી છે.*

*યુક્રેન પર હુમલાના પગલે અમેરિકાએ રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને રશિયા વિરુદ્ધ નવા પ્રતિબંધોની જાહેરાત કરી છે. પુતિનની કથિત ગર્લફ્રેન્ડ એલિના મારાટોવના કાબેવાને બ્લેકલિસ્ટ કરવામાં આવી છે. અમેરિકાએ એલિનાના વિઝા રદ કરી દીધા છે. ૩૯ વર્ષની ખુબસુરત એલિનાના પુતિન સાથે ગાઢ સંબંધો છે. તે રશિયન સંસદ ડુમાની ભૂતપૂર્વ સભ્ય અને રાષ્ટ્રીય મીડિયા જૂથની વર્તમાન પ્રમુખ છે. આ જૂથ ટેલિવિઝન, રેડિયો અને પ્રિન્ટ મીડિયા સંસ્થાઓનું રશિયન સમર્થક ગ્રુપ છે.યુએસ ટ્રેઝરી ડિપાર્ટમેન્ટે મંગળવારે જારી કરેલા આદેશમાં કહ્યું કે યુરોપિયન યુનિયન અને બ્રિટને પણ કાબેવા પર નિયંત્રણો લાદ્યા છે. રશિયન ફેડરેશનના વરિષ્ઠ નેતા, વરિષ્ઠ કાર્યકારી અધિકારી અને બોર્ડ ઓફ ડિરેક્ટર્સના સભ્ય હોવાના આધારે કાબેવા પર આ કાર્યવાહી કરવામાં આવી છે. યુક્રેન પર હુમલા બાદ અમેરિકાએ રશિયા, પુતિન, તેમની બે પુત્રીઓ અને અન્ય કેટલાય રશિયન નેતાઓ પર પ્રતિબંધો લગાવ્યા છે. આ નેતાઓ પર પ્રવાસ પ્રતિબંધની સાથે તેમની મિલકતો પણ જપ્ત કરવામાં આવી છે.કાબેવા પર પ્રતિબંધ પહેલાં, યુએસએ પુતિનની બંને પુત્રીઓ, કેટરીના વ્લાદિમીરોવના તિખોનોવા અને મારિયા વ્લાદિમીરોવના વોરોન્ટોવા પર પ્રતિબંધો લાદ્યા હતા.યુએસ ટ્રેઝરી મિનિસ્ટ્રીએ અત્યાર સુધીમાં ૮૯૩ રશિયન નેતાઓ અને અધિકારીઓ પર પ્રતિબંધ લગાવ્યો છે. જેમાં રશિયાના ટોચના સૈન્ય અધિકારીઓનો સમાવેશ થાય છે. તેમના તમામ વિઝા જપ્ત કરવામાં આવ્યા છે.અમેરિકી ટ્રેઝરી સેક્રેટરી જેનેટ યેલેને એક નિવેદન જારી કરીને કહ્યું છે કે યુક્રેન પર હુમલા બાદ ત્યાંના લાખો લોકો મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે, જ્યારે પુતિન અને તેમના સહયોગી વૈભવી જીવન જીવી રહ્યા છે.*

# મમતા કેબિનેટનું વિસ્તરણઃ મોદી સરકારના પૂર્વ મંત્રી બાબૂલ સુપ્રિયો સહિત ૧૦ લોકો મંત્રી બન્યા

કોલકતા,તા.૩

પશ્ચિમ બંગાળના સીએમ મમતા બેનર્જીએ પોતાના કેબિનેટમાં ફેરફાર કર્યા છે. કુલ ૧૦ નવા મંત્રીઓને જગ્યા આપી છે. તેમાંથી બાબૂલ સુપ્રિયોને પણ મંત્રી બનાવ્યા છે.મમતા સરકારે આ કેબિનેટ ફેરબદલ એવા સમયે કરી છે, જ્યારે ટીએમસી મંત્રી પાર્થ ચટર્જીના કારણે પાર્ટી પર ડાઘ લાગ્યો છે. પાર્થ અને તેમના નજીકના અર્પિતા મુખર્જીનું નામ શિક્ષક કૌભાંકમાં આવ્યું છે. બંને હાલમાં ઈડીની ધરપકડમાં છે. ઈડીની એક્શન બાદ પાર્થ ચટર્જીને મંત્રી પદેથી હટાવી દીધા હતા. ત્યારે મમતા બેનર્જીએ પહેલાથી જ ઈશારો આપી દીધો હતો કે, તેઓ મંત્રીમંડળમાં કંઈક નવા જૂની કરશે. વર્ષ ૨૦૨૧માં સરકાર બન્યા બાદ મમતાનું આ પ્રથમ કેબિનેટ વિસ્તરણ છે.મમતાની કેબિનેટમાં જે લોકોને જગ્યા આપવામાં આવી છે તેમાં બાબૂલ સુપ્રિયો,સ્નેહાશીષ ચક્રવર્તી,પાર્થ ભૌમિક,ઉદયન ગુહા,પ્રદીબ મજૂમદાર,સ્વતંત્ર હવાલો,બિપ્લવ રોય ચૌધરી,બીરબાહા હસદા,રાજયમંત્રી,તાજમૂલ હુસૈન,સત્યજીત બર્મનનો સમાવેશ થાય છે.એવું માનવામાં આવે છે કે મમતા બેનર્જીએ આ ફેરબદલ ૨૦૨૪ની સામાન્ય ચૂંટણી અને આગામી વર્ષે યોજાનારી પંચાયત ચૂંટણીની તૈયારીઓ માટે કર્યો છે.

# સત્ય ની આંખે (ભાગ- ૨૨)

## આજના યુગમાં કેવું શિક્ષણ હોવું જોઈએ ?




માાનવનું જીવન આત્મનિર્ભર બનાવાય તેવી શિક્ષણ પધ્ધતિ વ્યવસ્થા પર ભાર મુકવો જોઈએ. બાળકોના અનુભવ આધારિત હોય તેવા પ્રકારની શિક્ષણ વ્યવસ્થા હોવી જરૂરી છે. ધો.૪ સુધી માતૃભાષાના શિક્ષણ સાથે હિન્દી અને અંગ્રેજી ભાષાનો મહાવરો આપવો જરૂરી છે. માતૃભાષાનું શિક્ષણ મજબૂત હશે તો જ બાળક અન્ય હિન્દી, અંગ્રેજી ઝડપથી શીખી કે સમજી શકે છેશાળા કે વર્ગખંડનું વાતાવરણ જ બાળકને આવવું, બેસવું, રમવું, ભણવું ગમે તેવું હોવું જરૂરી છે. તેના રસ રૂચિ વલણો આધારિત વિવિધ શિક્ષણ ટેકનિક અને શૈક્ષણિક રમકડાંના સહાયથી સરળતાથી સમજ આપવી જોઈએ. બાળકોને ચિત્રો, સંગીત, વાર્તા, બાળગીતો કે કલર ફૂલર રમકડાં વધુ ગમતા હોવાથી તે તમામને તમારી શિક્ષણ પધ્ધતીમાં શિક્ષકે જોડવા જરૂરી છે..

ઘરના વાતાવરણમાં સાડા ૩ કે ૪ વર્ષનું બાળક શાળા પ્રવેશ પહેલા પરિવારની ઓળખ, વિવિધ વસ્તુના નામ, વિવિધ રમતો, ગીતો, બોલચાલની ભાષા, શબ્દો, શિસ્ત, મુશ્કેલી રજૂ કરવા જેવી ઘણી વસ્તુ ઘર કે તેની આસપાસના વાતાવરણમાં શીખી જતો હોય છે. બાળકો, બાળકો સાથે રમતા હોય ત્યારે તેમનામાં ઘણા ગુણો વિકસતા જોવા મળે છે. બાલ મનોવિજ્ઞાપન પણ સૂર પુરાવે છે કે બાળકો દ્વારા બાળકો જ ઘણું બધું શીખતાં હોય છે. હવે વાત આવે પાયાના શિક્ષણની જે ઘરથી શિખેલું હોય તેની સાથે શાળાકિય વાતાવરણ ઉમેરાતા બાળક હવે ઝડપથી ઘણું શીખવા લાગે છે. નવા-નવા ગીતો બાળકને સાંભળીને યાદ રહી જાય છે.

મીનાક્ષી રાવલ
ગાંધીનગર

# બોધકથા..પારકા ધનની તૃષ્ણા ના કરવી

એક નાઈ જંગલમાંથી પસાર થઈ રહ્યો હતો કે અચાનક અવાજ સંભળાય છે કે સાત ઘડા ધન લેશો? તેને ચારે બાજુ જોયું પણ કંઈ જોવા મળતું નથી.તેને લાલચ થાય છે અને કહે છે કે હા જોઈએ છીએ.. તરત જ અવાજ સંભળાય છે કે સાત ઘડા તમારે ઘેર પહોંચી જશે તેને સંભાળો.નાઈએ ઘેર જઈને જોયું તો સાત ઘડા ભરેલું ધન તેના ઘરમાં આવી ગયું હતું પરંતુ છ ઘડા ભરેલા હતા અને સાતમો ઘડો થોડો ખાલી હતો.તેનો લોભ અને લાલચ વધી ગયા.તેને વિચાર્યું કે ગમે તે રીતે સાત ઘડા ભરાઈ જાય તો હું સાત ઘડા ધનનો માલિક બની જાઉં.આમ વિચારીને પોતાના ઘરનું તમામ ધન અને ઝવેરાત સાતમા ઘડામાં નાખ્યું છતાં ઘડો ભરાતો નથી.

નાઈ રાજદરબારમાં નોકરી કરતો હતો.તેને રાજાને વિનંતી કરી કે મહારાજ તમે જે પગાર આપો છે તેનાથી મારૂં ગુજરાન ચાલતું નથી.રાજાએ તેનો પગાર ડબલ કરી આપ્યો તેમછતાં નાઈ કંગાળનો કંગાળ જ રહ્યો.ભીખ માંગીને ગુજરાન ચલાવતો અને જે પગાર આવતો તે સાતમા ઘડામાં નાખતો હતો.એક દિવસ રાજા પુછે છે કે જ્યારે તને ઓછો પગાર મળતો હતો ત્યારે ખુશ રહેતો હતો હવે તારો પગાર ડબલ કરી દેવામાં આવ્યો છે અને બીજી પણ ઘણી આવક છે છતાં દરીદ્ર કેમ? શું તને સાત ઘડાવાળું ધન તો નથી મળ્યું ને

નાઈએ નવાઈની સાથે તમામ વાતો રાજાને બતાવી ત્યારે રાજાએ કહ્યું કે તે યક્ષનું ધન છે.મને પણ એક રાત્રીએ સાત ઘડા ધન આપવાની ઓફર કરી હતી પરંતુ મેં યક્ષને ના પાડી દીધી હતી.હવે તૂં આ સાત ઘડાને પરત આપી દે.નાઈ ફરીથી તે જગ્યાએ જાય છે જ્યાંથી સાત ઘડા ધન મળ્યું હતું અને યક્ષને કહે છે કે તમારા સાત ઘડા ભરેલું ધન પાછું લઈ લો.એટલામાં સાત ઘડા અદ્રશ્ય થઈ જાય છે.નાઈએ પોતે કમાયેલ ધન ઘડામાં નાખેલું તે પણ જતું રહે છે.

પારકા ધનનો લોભ તૃષ્ણા પૈદા કરે છે અને અમારૂં નુકશાન કરે છે.પાપની કમાણીથી મેળવેલ પારકું ધન મળી જાય તો તેની સાથે લોભ,તૃષ્ણારૂપી સાતમો ઘડો પણ આવી જાય છે તે અમારા જીવનના લક્ષ્ય, જીવનના આનંદ અને શાંતિ,પ્રસન્નતા વગેરે હણી લે છે.પાપની કમાણી,કોઈ બીજાના હક્કનું પારકું ધન ઘરમાં આવે તો મનુષ્ય તેને ભોગવી શકતો નથી તથા દરીદ્ર જેવું જીવન જીવે છે અને અંતમાં મફતમાં આવેલું ધન ઘરના સાચી કમાણીના ધનને પણ સાથે લઈ જાય છે એટલે ભૂલથી પણ પાપની કમાણી કરી પારકા ધનમાં તૃષ્ણા-લોભ ન કરવો.ખોટી કમાણીનો એક રૂપિયો ઘરમાં આવી જશે તો પરસેવાની કમાણીના નવ્વાણું રૂપિયા લઈને રવાના થઈ જશે.પોતાના હાથની કમાણીથી ભાગ્ય અનુસાર જે કંઈ મળે તેમાં પ્રસન્ન રહીને પ્રભુ પરમાત્માનું નામ સ્મરણ,સત્સંગ-સેવા કરી જીવન વિતાવવું.

વસ્તુ મળવાની સંભાવના રાખવી એ તૃષ્ણા છે.સાધકે બીજા દિવસના માટે ભિક્ષાનો સંગ્રહ ના કરવો.તેની પાસે ભિક્ષા લેવાનું કોઈ પાત્ર હોય તો બે હાથ અને ભેગું કરી રાખવાનું કોઈ પાત્ર હોય તો તે પોતાનું પેટ છે.જે ધન મળ્યું છે તેને વાપરો અને બીજાને આપો,તેનો ફક્ત સંચય ના કરો,નહી તો સંગ્રહેલું ધન બીજા ઉપાડી જશે.જે ખાય છે અને ખવડાવે છે તે જ ખરો ખાનદાન છે.શાસ્ત્રોમાં ધનની ત્રણ ગતિઓ બતાવી છેઃદાન,ભોગ અને નાશ.દાન આપવામાં આપનારને સમાધાન અને લેનારને સંતોષ મળે છે. ભોગવવામાં ભોગવનારને જ સુખ મળે છે,જે આપતો નથી અને ભોગવતો પણ નથી તેના ધનનો નાશ થાય છે.એક પ્રાચિન ભજનની પંક્તિ છે કે "ધન મળ્યુ પણ મોજ ન માણી કહું કરમની કહાણી રે,કાં તો ભાગ?ય બીજાનું ભળ્યું કાં તો ખોટી કમાણી મારા સંતો..જૂના ધરમ લ?યો જાણી રે.."

આ પૃથ્વી પર જેટલાં ધાન,સુવર્ણ,પશુ અને સ્ત્રીઓ છે તે તમામ કોઈ એક પુરૂષને મળી જાય તો પણ તેને સંતોષ થશે નહી.આમ વિચારી વિદ્વાન પુરૂષે પોતાના મનની તૃષ્ણાને શાંત કરવી જોઈએ.સંસારમાં એવું કોઈ દ્રવ્ય નથી જે મનુષ્યની આશાનું પેટ ભરી શકે.પુરૂષની આશા સમુદ્ર સમાન છે તે ક્યારેય પુરી થતી નથી.કોઈપણ વસ્તુની કામના કરવાવાળા મનુષ્યની એક ઈચ્છા જ્યારે પુરી થાય છે ત્યારે બીજી નવી ઉત્પન્ન



થાય છે.આમ તૃષ્ણા તીરની માફક મનુષ્યના મન ઉપર આઘાત કરતી જ રહે છે.

મનુષ્ય જ્યારે ઘરડો થાય છે ત્યારે તેના વાળ ઘરડા થાય છે, દાંત ઘરડા થાય છે પરંતુ તેની તૃષ્ણા ઘરડી થતી નથી એટલે કે ધનની અને જીવવાની તૃષ્ણા તો રહે જ છે.તરૂણ પિશાચીની જેમ આ તૃષ્ણા મનુષ્યને ચૂસી ચૂસીને તેને પથભ્રષ્ટ કરતી રહે છે.દૂષિત બુધ્ધિવાળા આ તૃષ્ણાથી પિડાય છે પરંતુ ઈચ્છવા છતાં તેને છોડી શકતા નથી,તે ઘરડા થઈ જાય છે પરંતુ તેમની તૃષ્ણા? તરૂણ જ બનેલી રહે છે.આમ તૃષ્ણા એક એવો રોગ છે જે પ્રાણ લઈને જ છોડે છે એટલે તૃષ્ણાને છોડવામાં જ સુખ છે.

સંતજનોની કૃપાથી ગુરૂની મહિમા ગાવાથી જ જગતની તૃષ્ણા છૂટે છે.તૃપ્તિ થાય તો તૃષ્ણાનું મૃત્યુ થાય છે.જેની તૃષ્ણાઓ વધી ગઈ છે તે દરિદ્ર છે.તૃષ્ણા સમાન કોઈ દુઃખ નથી અને ત્યાગ સમાન કોઈ સુખ નથી.

વિનોદભાઈ માછી નિરંકારી
નવીવાડી,તા.શહેરા,
જી.પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# જો આપણે ગાયોની રક્ષા કરીશું તો ગાય આપણી રક્ષા કરશે - પંડિત મદન મોહન માલવિયાજી



પ્રાચીન કાળથી ગાયનો મહિમા અપરંપાર છે. કહેવાતું હતું કે આપણા દેશમાં દુધની ગંગાઓ વહેતી હતી. ગાયનું દુધ અનમોલ તો હોય જ છે પણ તેમાં પણ ગીર ગાયનું દૂધ સર્વશ્રેષ્ઠ છે, પણ આધુનીકીકરણને કારણે સાત્વિકતા ઘટતી જાય છે ને ગાયોની ઉપેક્ષા વધતી જાય છે. વેદપુરાણોમાં ગાયને કામધેનું કહેવાય છે કેમ કે તે મરે ત્યાં સુધી દૂધ આપતી રહે છે. ગાયનાં દૂધનાં અનેક ફાયદાઓ છે જેનો આધાર પણ વૈજ્ઞાનિક છે. વૈદિક પરંપરાઓમાં, ગાયને દૈવી માતા, ગૌમાતા તરીકે આદરવામાં આવતી હતી અને જે આરોગ્ય, જ્ઞાન અને સમૃદ્ધિ આપે છે. સંસ્કૃતમાં, ×ગો× શબ્દનો અર્થ ×પ્રકાશ× પણ થાય છે. ભગવાન કૃષ્ણએ ભગવદગીતામાં કહ્યું છે કે, 'ધેનુનામસિમ' એટલે કે ગાયોમાં હું કામધેનું છું. સ્કંદ પુરાણમાં લખ્યું છે કે ગૌ સર્વદેવમયી અને વેદ સર્વગૌમય છે. ગુરુ ગોવિંદસિંહજીએ સદાય ગૌમાતાઓનું દુઃખ મટાડવાની ઈચ્છા પ્રગટ કરી હતી. બાળ ગંગાધર તિલકે કહ્યું હતું કે મને મારી નાખો તો ચાલશે પણ ગાય પર હાથ ન ઉગામો. રામચંદ્ર 'બીર' એ ગૌહત્યા પર રોક લગાવા માટે ૭૦ દિવસો સુધી નિર્જળ ઉપવાસ કર્યો હતો. પંજાબ કેસરી મહારાજ રણજીત સિંહે પોતાના શાસન દરમિયાન ગૌહત્યા પર પ્રતિબંધ મુકચો હતો. ઈસા મસીહ જણાવે છે કે એક ગાયને મારવું એક મનુષ્યની હત્યા કરવા સમાન છે. જો પશુનાં રૂપમાં મારો જન્મ થાય તો હું બાબા નંદની ગાયો વચ્ચે જન્મ લઉં એવી ઈચ્છા પ્રસિદ્ધ મુસ્લિમ સંત રસખાને વ્યક્ત કરી હતી. મદન મોહન માલવિયાજીની ઈચ્છા હતી કે ભારતીય સંવિધાનમાં સૌથી પહેલી ધારા ગૌવંશ હત્યા નિષેધની બને. પંડિત મદન મોહન માલવિયાજીએ જણાવ્યું છે કે, "જો આપણે ગાયોની રક્ષા કરીશું તો ગાય આપણી રક્ષા કરશે." મહર્ષિ અરવિંદજીએ કહ્યું છે કે ગૌ ધર્મ, અર્થ, કામ અને મોક્ષની દાતા છે કારણ કે તે કામધેનું છે. ત્રિજટ બ્રાહ્મણે શ્રી રામને વનવાસ પહેલા ગાયો દાન આપી હતી. ગાયથી પ્રાપ્ત થતા પંચગવ્યનું પણ ઘણું મહત્વ છે. રુસમાં ગાયનાં ઘી થી હવન કરીને પ્રયોગ કરવામાં આવ્યો હતો. ગોબર ગેસ પ્રાપ્તિ પછી વધેલા પદાર્થોનો ઉપયોગ ખેતી માટે જૈવિક ખાતર બનાવવા માટે થાય છે૧૦ ગ્રામ ગાયનાં ઘી થી યજ્ઞ કરવાથી ૧ ટન ઓક્સિજનની પ્રાપ્તિ થાય છે. ગાયનાં ગોબરથી જ શિવજીનાં પ્રિય બિલીપત્રાની ઉત્પતિ થઈ હતી. ગાયની પીઠ પર સર્વ રોગનાશક અને સર્વ વિષનાશક સૂર્યકેતુ નાડી આવેલી હોય છે. દેશી ગાયનાં ગોબરમાં ૩૦૦ કરોડ જેટલા જીવાણુંઓ હોય છે. ગાયનાં દુધમાં ૨૦૦% કેલ્શિયમ, ૧૫૦% ફોસફરસ, ૨૦% લોહતત્વ, ૫૦% ગંધક, ૫૦% પોટેશિયમ, ૧૦% સોડીયમની પ્રાપ્તિ થાય છે. ગાયનાં દુધમાં વિટામીન C, A અને D હોય છે. ગૌવંશીય અધિનિયમ – ૧૯૯૫ અંતર્ગત ૧૦ વર્ષની જેલ અને ૧૦,૦૦૦ રૂપિયા સુધીનું દંડ કરવામાં આવે છે. કતલખાને જઈ રહેલી ગાયને છોડાવી તેના પાલનપોષણની વ્યવસ્થા કરવાથી મનુષ્યોને ગૌ યજ્ઞ કરવાનું ફળ મળે છે. ગૌધન એ સમગ્ર વિશ્વને દરેક રીતે ઉપયોગી છે.

મિત્તલ ખેતાણી(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

# દિવ્યાંગ બાળકોના શિક્ષણ માટે સરકારનો સેવાયજ્ઞ

### વાસણા નાનોદરા, મેટાલ, ડુમાલી, બલદાણા, દેવધોલેરા ગામોના દિવ્યાંગ બાળકોને શૈક્ષણિક અને અન્ય સહાય એનાયત કરવામાં આવી

બાવળા તાલુકાના બલદાણા ક્લસ્ટરના વાસણા નાનોદરા, મેટાલ, ડુમાલી, બલદાણા, દેવધોલેરા ગામોની પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા દિવ્યાંગ બાળકોના ચહેરા પર અનોખું સ્મિત મલકાઈ રહ્યું હતું. ગત અઠવાડિયે સરકારની ×દિવ્યાંગ સમીપે× યોજના અંતર્ગત બલદાણા ક્લસ્ટરના સીઆરસી શ્રી જીજ્ઞેશ પંચાલ અને વિશિષ્ટ શિક્ષક શ્રી જયેશભાઈ મોરી જ્યારે આ બાળકોના ઘરે કે શાળાએ પહોંચ્યા અને તેમને સરકાર તરફથી આપવામાં આવેલ ટેબ્લેટ સહિત અન્ય ડિજિટલ ગેજેટ્સ,ફ્રી બસ મુસાફરી પાસ,પેન્શન સહાય તેમજ અન્ય એલાઉન્સ જેવી સહાયો એનાયત કરવામાં આવી ત્યારે બાળકો અને તેમના પરિવારોના ચહેરા પર એક અનોખું સ્મિત લહેરાઈ ઉઠ્યું હતું. રાજ્ય સરકારના દિવ્યાંગ બાળકોની કેળવણી માટેના આવા પ્રેરણાદાયક પગલાંથી દિવ્યાંગતા સાથે જીવી રહેલા બાળકોને અભ્યાસ માટે અનેરી ઊર્જા મળશે અને તેમના સપનાઓ સાકાર કરવાની દીશામાં તેઓ મક્કમ ડગ માંડી શકશે.

વાસણા નાનોદરા, મેટાલ, ડુમાલી, બલદાણા, દેવધોલેરા ગામોમાં અભ્યાસ કરતા સંજય, જયેશ, યુવરાજ, હિરલ, માનવ, રાહુલ, મયુર, ક્રિષ્ના જેવા બાળકો બૌદ્ધિક અક્ષમતા, શોર્ટ હાઈટેડ, સેરેબ્રલ પાલ્સી, હીઅરીંગ લોસ, સંપૂર્ણ અંધત્વ જેવી દિવ્યાંગતા ધરાવે છે તેમજ જે-તે ગામની શાળામાં અભ્યાસ કરે છે. સરકારશ્રી દ્વારા દિવ્યાંગ સમીપે યોજના અંતર્ગત અમદાવાદ જિલ્લામાંથી આવા બાળકોની માહિતી મંગાવામાં આવી હતી. જે અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા બાવળા તાલુકાના બલદાણા ક્લસ્ટરના આવા ૧૨ દિવ્યાંગ બાળકોને આ યોજના અંતર્ગત નામાંકીત કરીને ૭૨ હજારનું મ્રુત્તેંજી એપ ઈન્સટોલ્ડ ટેબ્લેટ, સ્માર્ટ વોચ, એન્ડ્રોઈડ મોબાઈલ ફોન, ફ્રી બસ પાસ, સંગીત વાદ્યો, સીટીંગ ચેર સહિતની સહાયો એનાયત કરવામાં આવી હતી.

બલદાણા ક્લસ્ટરના વિશિષ્ટ શિક્ષક શ્રી જયેશભાઈ આ તમામ સહાયોને બાળકો સુધી સુપેરે પહોચાડવાનું ભગીરથ કાર્ય સંભાળે છે અને બાળકોને તેમના શિક્ષણમાં આ ડીજીટલ ગેજેટ્સનો મહત્તમ લાભ મળે એ અંગે સતત પ્રયત્નશીલ રહે છે. જયેશભાઈ મોરી જણાવે છે કે, એક દિવ્યાંગ બાળક સંજયની ઉંમર ૧૫ વર્ષ છે. આ બાળકની ઊંચાઈ ખૂબ જ ઓછી છે. અપૂરતા શારીરિક વિકાસના લીધે બાળક વધુ મૂવમેન્ટ કરી શકતું નથી તેમજ ઊભું રહી શકવામાં અસમર્થ છે તેમજ શાળાએ રૂબરૂ જી શકવા અસર્થ છે. સરકારશ્રી દ્વારા એનાયત કરાયેલા ટેબલેટ અને ડીજીટલ ગેજેટ્સ થકી આ બાળક વિવિધ વિડીયો નિદર્શન અને એપનો ઉપયોગ કરી અભ્યાસ કરી શકશે. સરકારશ્રી દ્વારા કરવામાં આવેલી 'દિવ્યાંગ સમીપે' યોજનાની પહેલ દિવ્યાંગજનોને લર્નિંગ લોસમાંથી બહાર કાઢવામાં આશીર્વાદરૂપ બની રહેશે.

જે દિવ્યાંગ બાળકો શાળાએ જવા અસક્ષમ છે તેમને માટે ઘરે જ શાળા ઉપલબ્ધ કરાવીને રાજ્ય સરકારે આવા બાળકોના શિક્ષણ અને સર્વાંગી વિકાસ માટે ખરેખર પરવા કરી છે. દિવ્યાંગ બાળકોના વિશિષ્ટ શિક્ષક તરીકે હું આ તમામ સુવિધાઓના ઉપયોગ થકી બાળકોને સારામાં સારું પાયારૂપ શિક્ષણ આપી શકાય તથા તેમના પરિવારોને પણ આ સુવિધાઓ ધ્વારા બાળકને ઘરે પણ કઈ રીતે ભણાવી શકાય એ માટે માહિતગાર કરવા પ્રયત્નશીલ રહીશ. આ ઉપરાંત, અન્ય સહાયો જેવી કે ફ્રી બસ પાસ, સંગીત વાદ્યો, સીટીંગ ચેર વગેરે આ બાળકોના પડકારરૂપ જીવનમાં નવા રંગો ભરવાનું કાર્ય કરશે.

આ બાબતે ક્લસ્ટર કો-ઓર્ડીનેટર શિક્ષક શ્રી જીગ્નેશભાઈ પંચાલનો સંપર્ક સાધતા એમણે જણાવ્યું કે, થોડા દિવસો પહેલા માનનીય મુખ્યમંત્રીશ્રીના હસ્તે દિવ્યાંગ બાળકોને શૈક્ષણિક અને અન્ય સહાયો પૂરી પડવાના ભાગરૂપે ×દિવ્યાંગ સમીપે યોજના×નો પ્રારંભ કરાવવામાં આવ્યો હતો.

# અમદાવાદ સિવિલ મેડિસીટીની કિડની ઈન્સ્ટીટ્યુટને મળી ગર્ભાશયના ટ્રાન્સપ્લાન્ટની પરવાનગી

### દેશમાં સરકારી – અર્ધસરકારી સંસ્થામાં યુટેરસ ટ્રાન્સપ્લાન્ટ સુવિધા ધરાવતી પ્રથમ સંસ્થા બનશે

અમદાવાદ સિવિલ મેડિસીટીની કિડની ઈન્સ્ટીટ્યુટને ગર્ભાશયના પ્રત્યારોપણની પરવાનગી મળી છે. હવેથી કિડની ઈન્સ્ટીટ્યુટ ખાતે કિડની, લીવર, સ્વાદુપિંડ ઉપરાંત યુટેરસ એટલે કે ગર્ભાશયનું પણ પ્રત્યારોપણ શક્ય બનશે.

સમગ્ર દેશમાં સરકારી–અર્ધસરકારી સંસ્થામાં ગર્ભાશયનું પ્રત્યારોપણની સુવિધા ઉપલબ્ધ કરાવનાર કિડની ઈન્સ્ટીટ્યુટ પ્રથમ સંસ્થા બનશે.

સ્ટેટ ઓથોરાઈઝેશન કમીટી દ્વારા ટ્રાન્સપ્લાન્ટેશન ઓફ હ્યુમન ઓર્ગન એક્ટ ઓફ ગવર્નમેન્ટ ઓફ ગુજરાત ૧૯૯૪ અંતર્ગત કિડની ઈન્સ્ટીટ્યુટને ગર્ભાશયના ટ્રાન્સપ્લાન્ટ માટેની પરવાનગી આપવામાં આવી છે.

IKDRC ના ડાયરેક્ટર ડૉ. વિનીત મિશ્રા સમગ્ર વિગતો આપતા જણાવે છે કે, આ અગાઉ દેશમાં ફક્ત પુનાની ખાનગી ઈન્સ્ટીટ્યુટમાં ગર્ભાશયનું પ્રત્યારોપણ શક્ય બનતું હતું. જેમાં ગર્ભાશય પ્રત્યારોપણના ૬ કિસ્સા નોંધાયા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત સરકારની અંગદાન અને પ્રત્યારોપણ ક્ષેત્રે કાર્યરત SOTTO (State Organ and Tissue , Transplant Oganisation) દ્વારા શ્રેષ્ઠત્તમ કામગીરી કરવામાં આવી રહી છે. સમગ્ર ગુજરાતમાં ૨૨ જગ્યાએ પ્રત્યારોપણ કેન્દ્રો કાર્યરત છે.

કેટલાક કારણોસર માતા બનવાનું સુખ પ્રાપ્ત ન કરી શકતી મહિલાઓ માટે ગર્ભાશયનું પ્રત્યારોપણ વરદાનરૂપ સાબિત થશે.

કેટલાક કિસ્સામાં સ્ત્રીઓમાં જન્મ જાત ગર્ભાશયની રચના થઈ હોતી નથી. અથવા અમુક કારણોસર સમય જતા ગર્ભાશયની તકલીફ ઉભી થવાના કારણે ગર્ભાશયને કાઢી નાખવામાં આવે છે. આવા કિસ્સામાં સ્ત્રીઓ માતા બનવાનું સુખ પ્રાપ્ત કરી શકતી નથી. પરંતુ હવે ગર્ભાશયનું પ્રત્યારોપણ શક્ય બનતા આ પ્રકારની તકલીફ ધરાવતી સ્ત્રીઓ માટે આ પ્રત્યારોપણ આશીર્વાદરૂપ બની રહેશે.

અત્રે નોંધનીય છે કે, ગર્ભાશય અને અંડકોશ નિકળી ગયું હોય તેવી સ્ત્રીઓમાં હોર્મોનલ સતુંલન અટકે છે હવે પ્રત્યારોપણ શક્ય બનતા ઋતુચક્રની દરમિયાન હોર્મોનલ અસંતુલન અટકશે.

અમદાવાદની કિડની ઈન્સ્ટીટ્યુટમાં સરકારી યોજના હેઠળ સંપૂર્ણપણે નિઃશુલ્ક અથવા સામાન્ય ખર્ચે ઉપલબ્ધ કરાવવામાં આવશે.

કિડની ઈન્સ્ટીટ્યુટમાં અત્યારસુધીમાં ૫૮૭ લીવર, ૩૬૫ કિડની, ૪ સ્વાદુપિંડ અને છેલ્લા પાંચ વર્ષમાં કુલ ૧૪૭૨ રીનલ ટ્રાન્સપ્લાન્ટ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યા છે.

-અમિતસિંહ ચૌહાણ

# નારી વંદન ઉત્સવ પર જાણો, સરકારના સેવાસૈનિક કંચનબેનની સંઘર્ષ ગાથા

છેલ્લા ૨૯ વર્ષથી જાણે આંગણવાડીના બાળકો મારો પરિવાર બની ગયા છે×. આ શબ્દો છે સાણંદના પાવા ગામે આંગણવાડી કાર્યકર તરીકે ફરજ બજાવતા ૫૨ વર્ષીય કંચનબેનને. ૧૯૯૩થી આજદિન સુધી ઘર અને આંગણવાડી બન્નેની ફરજો સુપેરે સાંભળતા કંચનબેન મધ્યમવર્ગીય પરિવારમાંથી આવે છે. તેમના પતિ વર્ષોથી દરજીકામ કરે છે. સંતાનોમાં ૨ દીકરીઓ અને એક દીકરો છે. આંગણવાડીના બાળકોની સારસંભાળ રાખવાની સાથે પોતાના સંતાનોનો શ્રેષ્ઠ ઉછેર પણ તેઓ ચુક્યા નથી.

કંચનબેનને જેટલી પોતાના સંતાનો પ્રત્યે મમતા એટલી જ આંગણવાડીમાં આવતા બાળકો પ્રત્યે. તેથી બાળકોને આંગણવાડીમાં મુકવા આવતી માતાઓ પણ નિશ્ચિન્ત થઈ જાય છે. બાળકોને રમાડવા- જમાડવા, સરળભાષામાં જ પાયાનું શિક્ષણ આપવું એટલું જ નહીં સરકાર તરફથી આયોજિત થતા વિવિધ પ્રોજેકટમાં પણ તેઓ ઉત્સાહભેર જોડાય છે. વાલીઓ, બાળકો, સગર્ભા બહેનો, સખીમંડળની મહિલાઓ વગેરેને મળતા લાભોના વિતરણ માટે કંચનબેન સતત તેમની સાથે સંપર્ક બનાવી રાખે છે.

પોતાના દિવ્યંગતા વિશે જણાવતા તેઓ કહે છે કે, ×હું ૨.૫ વર્ષની હતી ત્યારે મને ભયાનક તાવ આવ્યો હતો, સારવારમાં કોઈ ખામી રહી જવાને કારણે એક પગનો વિકાસ અટકી ગયો. બસ ત્યારથી જ આ કાખઘોડી મારો સહારો છે.× પરંતુ કંચનબેને તેમની આ શારીરિક ખોટની અસર તેમના કામ પર ક્યારેય નથી થવા દીધી. આજે પણ ઘરના કામોમાં મદદ કરવી, રોજ વાહનમાં મુસાફરી કરીને આંગણવાડી જવું, આંગણવાડીના દરેક કામોમાં હોંશે હોંશે જોડાવવું આ તેમનો દૈનિક ક્રમ બની ગયો છે. વારસાઈ મિલકતના નામે માત્ર ૧ વિઘો જમીન છે. પણ કંચનબેન સરકાર તરફથી દરમહીને બેંકમાં જમા થતા મહેનતાણાથી સંતુષ્ટ છે. તેમના જણાવ્યા પ્રમાણે લોકડાઉનના સમયમાં આ મહેનતાણા પર જ તેમનો જીવન નિર્વાહ થયો છે. તે બદલ તેઓ રાજ્ય અને કેન્દ્ર સરકારનો આભાર માની રહ્યા છે.

ગુજરાત સરકાર આજે નારીવંદન ઉત્સવ ઉજવી રહી છે ત્યારે, કંચનબેન જેવા મહિલાઓ સમાજમાં નારી સશક્તિકરણની મશાલ બનીને ઝળહળી રહ્યા છે.

-વિવેક, પ્રાદેશિક માહિતી કચેરી- અમદાવાદ

# પુરાવા છે

ભીડમાં કોઇ નારીને કરેલ લંપટ સ્પર્શ પુરાવો છે.
તમે કેટલા શરીફ કે નૈતિક છો મારી પાસે પુરાવા છે,
કોઈ ગરીબની ક્યારે દયા ખાઇ સહાય કરી નથી,
તમે કેટલા સોજા સામાજિક છો મારી પાસે પુરાવા છે.
કોઈનો કોળિયો છીનવીને ભોજન આરોગ્યું છે,
તમે કેટલા આધ્યાત્મિક છો મારી પાસે પુરાવો છે.
કોઈની કૂથલી,ચોવટ કરવામાં સમાજ અગ્રેસર,
તમે કેટલા ગુણગાયક છો મારી પાસે પુરાવા છે.
કશું ખોઈ ચપટી સુખ મેળવ્યું તો પેટમાં શાનું દુખે છે?
તમે રૂપજીવિનીની ગ્રાહક છો મારી પાસે પુરાવા છે.
ભરત વૈષ્ણવ

.............................................................

# અમેરિકા મુફલિસને દુશ્મન માનતું નથી અને મુફલિસને મારતું નથી.

નવમી અજાયબી જેવી ઘટના થઇ ગઇ. બેચાર દિવસથી રાજુ રદી મારા ઘરે અતિથિ કબ જાઓગે ઈસ્ટાઈલથી વરસાદની જેમ ટપક્યો નથી. સામા પક્ષે હું પણ કામ( કામ એટલે ડોમેસ્ટિક કામમાં વ્યસ્ત . ડોમેસ્ટિક એટલે ઘરના કચરાપોતા વાસણ વગેરે. આવા કામનો ઉલ્લેખ કરીએ તો પત્નીનું કેટલું ખરાબ દેખાય? એટલે મુત્સદ્દીગીરી કે ડિપ્લોમેટિક વાત લખી. આપણે ત્યાં નાગરો મુત્સદ્દી લેખાય છે. ઝૂલો ઝુલાવતા સૂડીથી સોપારી કાતરતા કહે કે ઉછંરંગરાય તમે દેવાનુમપ્રિય છો. પેલા પણ એ ઠાઠથી કહે કે રસેન્દુકાંત તમે શાખામૃગ છો.બંને મહાનુભાવે એકમેકને ઠંડા કલેજે ઉશ્કેરાયા સિવાય મૂર્ખ- વાંદરા કહી દીધા! બોલો, જય હાટકેશ્વર!)માં વ્યસ્ત એટલે રાજુના ઘરે ગયો ન હતો. હું રાજુના ઘરે ગયો. ઘરના બારીબારણા બંધ હતા. ગેલેરી પેક કરી દીધી હતી. મેં પાડોશીને પૂછયું,'' રાજુના ઘરના કોઇ દેખાતા નથી. બધા ક્યાંય બહારગામ ગયા છે?''

'' ગિરધરભાઇ. કોઇ બહાર ગયા નથી. એક તો એ લોકો મિયા ફૂસ્કી જેવા બીકણફૂસ છે. ઉપરથી વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેલ સમાચારથી હચમચી ગયેલ છે. આમિરખાનની માફક એમને પણ દેશ અસહિષ્ણુ લાગે છે!!'' પાડોશીએ એકચ્યુલ ફેકચ્યુલ રિપોર્ટ રજૂ કર્યો.

રાજુ રદીના ઘરના દરવાજા પર દસ્તક દીધા.

''એ કોણ છે?'' એવો રાજુનો ચિરપરિચિચિત અવાજ શોર્ટ વે રેડિયો સ્ટેશનનો અવાજ જેમ ધીમોવધારે આવે તેમ આવ્યો!!

'' હું ગિરધરલાલ ગરબડિયા!'' મેં જવાબ આપ્યો.

રાજુએ એક વ્યકિત માંડ માંડ પ્રવેશી શકે તેટલો દરવાજો ખોલ્યો.માનો મંદિરમ્ પાપ-પુણ્યની ગળકબારી ન હોય!હું ઘરમાં પ્રવેશ્યો!

''કેમ દેખાતો નથી?''મેં પૂછયું

'' ગિરધરભાઇ બહુ ડર લાગે છે. હું બહાર ગેલેરીમાં દેખાઇ અને અફઘાનિસ્તાના કાબુલનાં ઝૈંછના ડ્રોનથી બે હેલફાયર મિસાઇલથી જવાહિરીને ઠાર કરવામાં આવ્યો તેમ મને મારી નાંખશે તેવી બીક લાગે છે. જ્યારે આ હુમલો થયો ત્યારે તે બાલ્કનીમાં હતો. ''રાજુ મરવાની બીકથી થરથર ધ્રુજતો હતો.

''રાજુ . અમેરિકામાં ૧૧.૯.૨૦૦૧ના હુમલા પાછળ જવાહિરીનો જ હાથ હતો. આ હુમલામાં લગભગ ૩૦૦૦ અમેરિકીઓના મોત થયા હતા. આ ખતરનાક હુમલા માટે ચાર વિમાનોનું અપહરણ કરવામાં આવ્યું હતું. આમાંથી બે વિમાન વર્લ્ડ ટ્રેડ સેન્ટરના બંને ટાવર સાથે ટકરાયા હતા. જાન્યુઆરી ૨૦૦૬માં પણ અફઘાનિસ્તાન સાથેની પાકિસ્તાનની સરહદ નજીક અમેરિકાની મિસાઈલે તેને નિશાન બનાવ્યો હતો. આ હુમલામાં અલ-કાયદાના ચાર સભ્યો માર્યા ગયા હતા. પરંતુ જવાહિરી બચી ગયો હતો અયમાન અલ ઝવાહિરીનો જન્મ ૧૯ જૂન ૧૯૫૧ના રોજ ઈજિપ્તના એક સમૃદ્ધ પરિવારમાં થયો હતો. ઝવાહિરી વ્યવસાયે સર્જન હતા. ૧૪ વર્ષની ઉંમરે તે મુસ્લિમ બ્રધરહુડનો સભ્ય બન્યો. છેલ્લા ૨૧ વર્ષથી અમેરિકા અલ-જવાહિરીને શોધી રહ્યું હતું. અમેરિકાની ગુપ્તચર એજન્સી ઝૈંછએ આતંક વિરુદ્ધ ચલાવેલા ઓપરેશન દરમિયાન તેનો ખાતમો કર્યો હતો. કેમ કે, તેના હાથ અમેરિકાના લોહીથી રંગાયેલા હતા.હેલફાયર મિસાઈલનો ઉપયોગ લક્ષિત હુમલામાં થાય છે. આનાથી કોલેટરલ નુકસાન થવાની શક્યતા ઓછી છે. હેલફાયર મિસાઇલમ્ દારૂગોળો ઓછો અને ધારદાર બ્લેડનો વધુ ઉપયોગ થાય છે. વિસ્ફોટ પછી આ બ્લેડ ચક્રની જેમ ફેરવીને લક્ષ્યને ફાડી નાખે છે. હેલફાયર મિસાઈલને ડ્રોન, હેલિકોપ્ટર, ફાઈટર જેટથી ફાયર કરી શકાય છે. તેના નાક પર કેમેરા, સેન્સર લગાવવામાં આવ્યા છે. જે વિસ્ફોટ પહેલા સુધી રેકોર્ડિંગ રાખે છે. તે વિસ્ફોટ પહેલા લક્ષ્યની ચોક્કસ સ્થિતિ પર નજર રાખે છે. તેમાં તીક્ષ્ણ ધારવાળા મેટલ બ્લેડ છે. જે વિવિધ સ્તરોમાં લાગુ કરવામાં આવે છે. ગનપાઉડરનો વિસ્ફોટ જ તેમને આગળ વધવાની તાકાત આપે છે. જ્યારે વિસ્ફોટ થાય છે, ત્યારે ૬ બ્લેડનો સમૂહ છોડવામાં આવે છે. તેમની સામે જે પણ વ્યક્તિ આવે છે, તેના ઘણા ટુકડા થઇ જાય છે.જગત જમાદાર તેના દુશ્મનને માફ કરતું નથી પણ પરફેક્ટ પ્લાનિંગથી સાફ કરે છે!!''

મેં રાજુને અખબારોનો હવાલો ટાંકી કહ્યું!!

'' ગિરધરભાઇ મને બહુ બીક લાગે છે છોટા રાજન કે ડી ગેંગના શાર્પશટર કોઇની ગેમ કરી નાંખે છે તેમ અમેરિકા મારી ગેમ તમામ કરી નાંખશે!!'' રાજુએ તોતાની જેમ કાંપતા કહ્યું.

'' રાજુ. અમેરિકા તને શા માટે ટપકાવી દે. તારે ટ્રમ્પ કે બાઇડન સાથે દુશ્મની છે! તારા હાથ કયાં અમેરિકાના લોહીથી રંગાયેલા છે? મે રાજુ રદીને પૂછયું.

'' ગિરધરભાઇ. હું અમેરિકન એમ્બેસી મુંબઈમાં ટુરિસ્ટ વિઝા લેવા ગયેલો. મને વિઝા આપવામાં બદલે રિજેકશનની પિક્ર સ્લીપ પકડાવી દીધેલી. વિઝા ફી, હોટલ, ટેકસી, ટ્રેનના પૈસા પડી જતાં હુ ફસ્ટ્રેટ થઇ ગયેલ. મેં એમ્બેસીમાં જ ટ્રમ્પ-અમેરિકા વિરુધ્ધ બખાળો ઠાલવેલ અને ગાળાગાળી કરેલ. સિકયોરિટીએ મને પકડીને માર મારી લોહીલુહાણ કરેલ. ઉલ્ટાનું મારા લોહીથી અમેરિકાના હાથ રંગાયેલા છે. કદાચ ગફલતમાં મારા ઘરે ડ્રોનથી મિસાઇલ ફેંકી મને ફૂંકી મારશે તેવી કાળજે ફડક પેઠી છે.'' રાજુએ ડરના જરૂરી હૈ અને ડર કે આગે ડર હૈ, ડર કે પીછે ડર હૈની થિયેરી રજૂ કરી!

''રાજુ. અમેરિકા મુફલિસને દુશ્મન માનતું નથી અને મુફલિસને મારતું નથી. મુફલિસ મરેલો હોય છે અમે મરેલાને કોણ મારે ? ઘરના બંધ બારીબારણા , ગેલેરી ખોલી નાંખ!!''

રાજુ રદી બાંધાની જેમ હેંહેંહેંહેંઅ કરતો રહ્યો!!

ભરત વૈષ્ણવ
૩.૮.૨૦૨૨.




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



NOG SS 0092
પ્રકાર :- પદ્ય
શિર્ષક:- મહાદેવ
ગંગાની અસ્ખલિત ધારાઓને,
ધરા પર અવરોહણ કોણ કરાવી શકે તુજ વિના?
ના તુજથી કોઈ દેવ બળિયો,
ના દેવત્વ સમર્થ તુજ વિના.
દેવોમાંય તુ મહાદેવ કહેવાયે,
ત્રિલોકમાં બળિયો કોણ તુજ વિના?
તોય એક લોટા જળથીય તું રીઝે,
દીનાનાથ ના કોઈ તુજ વિના.
ના રાજમહેલ કે ના જાહોજલાલી,
સ્મશાનવાસી ને ભૂતોની ટોળી ખાલી.
છતાંય ભક્તોની ભીડ સદાયે ભાંગી,
ભોળો ભંડારી ના કોઈ તુજ વિના.
ના સ્વર્ણ અલંકાર કે રેશમી વાઘા અંગે,
ભભૂતિ ચોળે તું સર્વે પ્રસંગે.
છે સર્પ ને મુંડમાળા ગળે ધારી,
વ્યાઘ્રામ્બરધારી ના કોઈ તુજ વિના.
આંકડાના ફૂલની માળે તું રાજી,
ભાવે તને પેલી ધંતુરાની ભાજી.
હંમેશા ભક્તો પર રાજી- રાજી,
આવું નિઃસ્પૃહી ના કોઈ તુજ વિના.
નંદીની સવારી એ તું સોહાયે,
અર્ધનારેશ્વર બની તું પૂજાયે.
ગણેશ ને કાર્તિકેય વિના ના દેખાયે,
પરિવારપ્રેમી ના કોઈ તુજ વિના.
સૃષ્ટિનો તું પાલનકર્તા,
જગ કાજે કંઠે વિષ ધરતા.
ખીજે તો તાંડવ નૃત્ય કરી સંહાર કરતા,
વિધ- વિધ રૂપ ધરનાર ના કોઈ તુજ વિના.
શ્રાવણ તારાથી પૂજાયે,
ઘર- ઘર ઓમ નમઃ શિવાય રટાયે.
તારા નામથી કાળ પણ દૂર જાયે,
'મહાકાલ' ના કોઈ તુજ વિના.
અલકા નવિનચંદ્ર મહેતા
ગાંધીનગર
૦૩/૦૮/૨૨.

---------------------------------------------

N.O.G. S. S. No. 0102.
નામ:- રતીલાલ વાયડા
વિષય:- શ્રાવણના સરવૈયા.
પ્રકાર:- ગદ્ય . (લેખ.)
શીર્ષક:- શિવ મહિમા.
તારીખ:- ૩/૮/૨૦૨૨. બુધવાર.
રચના:-

ભગવાન શંકર સ્વયંભૂદેવ છે .તેની આરાધના લાખો વર્ષોથી થતી રહી છે. તે ભોળા દેવ છે અને ભક્તો ઉપર જલ્દી રીઝી જાય છે.ભક્તોને વરદાન આપે છે

શ્રાવણ મહિનામાં ભગવાન શંકરની અનેક રીતે પૂજા અર્ચના કરવામાં આવે છે .શિવ મહિમા નું વર્ણન શિવ પુરાણ કથા , શિવ મહિમ્ન સ્તોત્ર તેમજ રુદ્રી પાઠમાં કરવામાં આવેલું છે. મહામૃત્યુંજય મંત્રનો જાપ કરવામાં આવે છે.

શિવલિંગની પૂજા કરવામાં આવે છે. તે સ્ફટિક પથ્થર, લાકડું ,લોટ ,પારો, વગેરે સ્વરૂપમાં પણ હોય છે. દરેક સ્વરૂપની પૂજા અલગ અલગ હોતી હોય છે.

તેની પંચામૃત, ફળ અને ફળના રસ દ્વારા તેમ જ ધાન્ય દ્વારા પૂજા અર્ચના કરવામાં આવે છે. દરેકનું અલગ અલગ ફળ મળે છે .પુત્ર પ્રાપ્તિ ,સંપત્તિ, ઐશ્વર્ય, વિદ્યા ,ભૌતિક સુખ, દુઃખ દર્દનું નિવારણ વગેરે માટે અલગ અલગ પ્રકારની પૂજા શ્રાવણ મહિનામાં લોકો કરતા હોય છે.

ભારતમાં બાર જેટલા જ્યોતિર્લિંગો છે.

દરેકનું અલગ અલગ મહત્વ અને ફળ છે .ભક્તોએ આ બધા ના દર્શન કરવા અને આશીર્વાદ લેવા એ જરૂરી છે.

શ્રાવણ માસમાં ભક્તો ભગવાન શંકરની અનેક રીતે પૂજા અર્ચના કરતા હોય છે. કેટલાક ઉપવાસ કરે છે .

એક ટાઈમ જમે છે. ભગવાન શંકરના દર્શન રોજ કરે છે. સોમવારે બધા શિવ મંદિરોમાં મેળો ભરાતો હતો હોય છે .આમ શ્રાવણ મહિનાનું વિશેષ મહત્વ છે.

લેખક:- રતીલાલ વાયડા
નવી મુંબઈ.


---------------------------------------------

NOG SS N0;0089
વિષય : શિવ શંભુ
શીર્ષક : ભોલેનાથ
પ્રકાર : પદ્ય
ભલે હું ભોલેનાથ ભોળો ન માનશો
ચબરાકી સાથે ચાલુ ભક્ત સંગે ભોળો
જટામાં ધરું ગંગા ગળે વિંટાળું નાગ
બંને વચ્ચે સમતુલા છું હું જગનો નાથ
કાર્તિકેય ગણેશ મારા પ્યારા છે બાળ
જગમાં સહુ ભાવિક ભક્તોને કરું લાડ
ડમ ડમ ડમરુ વાગે ક્રોધે કરું તાંડવ
શિવરાત્રીએ ભક્ત સંગ ભાંગ ચડાવું
કપાળે ભસ્મ ઘસું હાથે ત્રિશૂળ ધરું
શરણે આવેલ કાજે હૈયે હિત ધરું
નામ રુપ ઝુઝવાં પામું સદા ઉમાનો સંગ
દંપતી સદા સમરો તમને ચડે ન દુજો રંગ
શ્રાવણે પામો શંકર કાનાના આશિષ
ભોલેનાથ મોહનની કૃપા સદા પામીશ
પ્રવિણા કડકિઆ

## અમદાવાદના રાષ્ટ્રીય કવિ સાહિત્યકાર ડો.સતીન દેસાઈ પરવેઝ દીપ્તિ "ગુરૂ" નું દિલ્હીમાં અખિલ ભારતીય સર્વ ભાષા સંસ્કૃતિ સમન્વય સમિતિ દ્વારા થનાર ભવ્ય સાહિત્ય શિરોમણી પંડિત દામોદર દાસ ચતુર્વેદી સ્રુજન સંમાન.

અખિલ ભારતીય સર્વ ભાષા સંસ્કૃતિ સમન્વય સમિતિ કે જે અનેક વરસોથી દેશભરમાં કાર્યરત છે. એનાં રાષ્ટ્રીય અધ્યક્ષ પ્રજ્ઞાન પુરુષ આદરણીય પંડિત સુરેશ નીરવ જી, જે ગાજિયાબાદ સ્થાયી થયા છે. એમના પિતા શ્રી સાહિત્ય શિરોમણી પંડિત દામોદર દાસ ચતુર્વેદી કે જેઓની એકસો બારમી જનમ જયંતિ ૧૨. ઓગસ્ટના રોજ છે. એમનો ઋષિ પર્વ તે દિવસે દિલ્હીની સાહિત્ય અકાદમીના સેમીનાર હોલમાં ઉપરોક્ત સંસ્થા દ્વારા ઉજવાઈ રહ્યો છે. આદરણીય પંડિત દામોદર દાસ કે જેઓ સ્વાતંત્ર સેનાની સાથે પ્રખર દેશ ભક્ત હોઈ, એમણે મહાત્મા ગાંધી, સુભાષચંદ્ર બોઝ, તથા, રાષ્ટ્રપતિ રાજેન્દ્ર પ્રસાદ સાથે પણ રહી સેવાકર્મ નિભાવ્યું હતું . વિરાટ હિન્દી સાહિત્યકારની ભૂમિકા ભજવતા, અનેક રાષ્ટ્રીય હિન્દી પત્રિકાઓનું સંપાદન પણ કર્યું હતું. એ ઐતિહાસિક વિભૂતિની અંજલી રૂપે આ સંમાન કાર્યક્રમ દિલ્હી સાહિત્ય અકાદમીના સેમીનાર હોલમાં તા.બાર ઓગસ્ટે સાંજે ચાર કલાકે આયોજિત થનાર છે .જેમાં અનેક રાજયોની વિભૂતિઓનું સંમાન તથા કાવ્ય પાઠ પણ થશે. જે કાર્યક્રમની અધ્યક્ષતા પદ્મભૂષણ શ્રી વિંદેશ્વર પાઠક કે જેઓ સાહિત્ય કાર ઉપરાંત વિશ્વ પ્રચિલિત સમાજ વિજ્ઞાની તથા સુલભ આંદોલનના જનક પુરુષ છે.એ એમના કરકમળથી કરનાર છે.

આ સંમાનનો તાજ "સાહિત્ય શિરોમણી પંડિત દામોદર દાસ ચત સ્રુજન સંમાન " આપણા ગુજરાતના યશસ્વી દ્વિભાષી સર્જક ડો.સતીન દેસાઈ પરવેઝ દીપ્તિ"ગુરૂ"ને અગ્રક્રમે મળી રહ્યો છે



એ ગુજરાતનું ગૌરવ છે..સાથે અન્ય સન્માનનીય વિભૂતિઓમાં , શ્રી મહેશ બંસલ (હરિયાણા), શ્રી સુરેશ ચૌદરી, (બંગાળ), ડો.ઋચા સિંહા ( મહારાષ્ટ્ર ) ડો. જય પ્રકાશ પાંડેય( દિલ્હી) ડો મધુ મુકુલ ચતુર્વેદી (રાજસ્થાન) ઋષિ સિંહા (બિહાર) કિશન સ્વરૂપ ( ઉત્તર પ્રદેશ) અનિતા પ્રસાદ (બિહાર) જ્ઞાનચંદ મર્મજ્ઞ (કર્ણાટક), ડો. ભગવાન સ્વરૂપ ચૈતન્ય (મધ્ય પ્રદેશ) વિગેરે વિભૂતિઓ પણ અલંકૃત થનાર છે..આ વિરાટ સ્રુતિ પર્વમાં પંડિત દામોદર દાસના વ્યક્તિત્વ એવમ કૃતિત્વ પર ગ્વાલિયરથી પ્રકાશિત સાહિત્ય પત્રિકા 'લોક મંગલ'નું પણ ઉદઘાટન થનાર છે..સમાંતરે સતીન દેસાઈ "પરવેઝ" લેખિત ત્રણ પુસ્તકો શબનમી આફતાબ, જજ્બાત દરિયા ઔર મૈં તથા લાફાની રક્સ ગઝલ સંગ્રહ , સાથે ડો. દિલીપ મહેરા સંપાદિત પ્રતાપ સિંહ ડાભી હાકલ સાહિત્ય વિથિકા વિશેષાંક પણ ઉદઘાટન પામશે. આ ભવ્ય ઐતિહાસિક અવસર ગુજરાતના હિન્દી સાહિત્ય માટે શિલાલેખ સમાન છે.

સતીન દેસાઈ પરવેઝ દીપ્તિ"ગુરૂ"
અમદાવાદ.

## રામચરિત માનસ જીવતા શીખવે છે અને ભાગવત મરતા શીખવે છે




## તુલસી જન્મજયંતીના બીજા દિવસે મણકા ૩-૪ સંપન્ન

તલગાજરડા

તુલસી જન્મોત્સવ દિવસે આજે બે ઓગસ્ટના રોજ કૈલાશ ગુરુકુળ મહુવા ખાતે ત્રીજા અને ચોથા મણકાનું પુ.મોરારીબાપુની સંનિધ્ધિમા આયોજન સંપન્ન થયું.અત્રે યાદ રહે કે દર વર્ષે ઉત્તર ભારતના રાજ્યોમાંથી વિદ્વાનો આ કાર્યક્રમમાં સામેલ થાય છે.સને ૨૦૨૨ ની આ સંગોષ્ઠીમાં ભાગ લેવાં માટે ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર અને દિલ્હી, ઉતરાખંડમાંથી લગભગ ૧૦૦ કરતાં વધુ પ્રકાંડ વિદ્વાનો ઉપસ્થિત રહ્યાં છે.

બીજા દિવસની સવારની પ્રથમ બેઠકનું આયોજન પ્રદીપજી મિશ્ર-વૃંદાવનના સંચાલન તળે યોજવામાં આવી હતી. જેમાં શ્રી અરવિંદ તિવારી વ્યાસ -બલિયા,શ્રી કિશોર ઉપાધ્યાયજી સુશ્રી પ્રેમલતા મિશ્રજી,સુશ્રી માનસગંગા પ્રિયંકા પાંડેજી,શ્રી સંજય પાંડેજી,શ્રી મદનમોહન મિશ્રાજી,શ્રી ભાગવત પાઠક જી,શ્રી ઉમાશંકર વ્યાસ, શ્રી અખિલેશકુમાર ઉપાધ્યાય,શ્રી શશાંક ભારદ્વાજજી- નૈનીતાલ વગેરે કથા ગાયકોએ પોતાની તુલસી અને રામચરીત માનસને આધાર બનાવી પોતાના ભાવો વ્યક્ત કર્યા.

શ્રી અરવિંદ તિવારીજીએ હનુમાનજીના પાત્રને વિસ્તૃત વિસ્તૃત રીતે પ્રગટ કર્યું હતું તેઓએ કહ્યું કે હનુમાનજી જ્યારે લંકા તરફ ગતિ કરતા હતા ત્યારે તેઓ ખૂબ તેજ ગતિથી જઈ રહ્યા હતા અને સમુદ્રે તેમના માટે વિશ્રામ કરવા મહેનત પર્વત કે જે સોનાનો હતો તે બહાર કાઢ્યો પરંતુ જે શાંતિ મિશ્રામાં જતા હોય તેને આવા ભૌતિક સાધનો શું વિશ્રાંતિ આપી શકવાના અને આખરે તેઓ ભક્તિ કેતા માં જાનકી પાસે પહોંચ્યા હતાં.શ્રી મહેન્દ્ર મિશ્રજી -ચિત્રકૂટે મોહથી બહાર નીકળવા સત્સંગ કરો.શ્રી શંશાક ભારદ્વાજજી -નૈનીતાલ વાણીને પ્રવાહિત કરતાં રામચરિતમાનસ જીવન જીવતા શીખવે છે અને ભાગવતજી મૃત્યુ શીખવી જાય છે.જેનો સ્વભાવ બની જાય તેનો પરમાર્થ બની જાય છે.અમૃતસિંધુ પાસે રહીને પણ આપણે ક્યારેક અતૃપ્ત રહી જઈએ છીએ અને સદ્ગ્રંથો આવી તૃપ્તિ પૂરી પાડે છે.

બપોર પછીની બીજી બેઠક શ્રી અરવિંદ પાંડેજી -લખનઉ અને શ્રી ઉમેશ પંડિતજી-બકસરના સંયોજન તળે યોજવામાં આવી હતી જેમાં વક્તા તરીકે શ્રી લક્ષ્મણદાસજી- વૃંદાવન શ્રી નરેન્દ્ર પ્રતાપ મિશ્રજી- વારાણસી, શ્રીકૃષ્ણ પ્રતાપજી -ચિત્રકૂટ શ્રી વ્યાસ રામગોપાલજી- બાંદા સુશ્રી શિયાભારતીજી -ઈંદોર, શ્રી સૂર્યભાણજી -આઝમગઢ શ્રી રસરાજજી- દિલ્હી ,શ્રી ક્રિષ્ના ભારતી-ભાગલપુર ,સુશ્રી ચિદંબરા ભારતી અને શ્રી આશિષ મિશ્રાજી- વારાણસી વગેરેએ તુલસીજીના સર્જન ઉપર પોતપોતાના મંતવ્યો અને વિવેચનો પ્રગટ કર્યા હતાં. અનેક કથાવાચક વિદ્વાનો આ પ્રકારના આયોજન માટે પૂ.મોરારીબાપુને ખૂબ શુભકામના આપી રહ્યાં છે. આ બેઠકની કડીમાં અનેક વક્તાઓ મંચ ઉપરથી તલગાજરડાના ગદગદિત જણાયાં હતાં.

પુ.બાપુએ રાત્રે બધાં જ નિમંત્રિતોને તેમનાં નિવાસ પર પહોંચીને ખબર અંતર પૂછ્યાં હતાં. આજે આ મહોત્સવનો તૃતીય દિવસ છે. અને બપોર પછીની બેઠકમાં જે વિદ્વાનો વિવિધ એવોર્ડથી પુરસ્કૃત થનાર છે તેમનાં વિવેચનો પ્રવાહિત થશે.

## આચાર્ય લોકેશજીએ ઉત્તરાખંડના રાજ્યપાલ સાથે મુલાકાત કરીને રાષ્ટ્રીય મહત્વના મુદ્દાઓ પર ચર્ચા કરી

### "રાષ્ટ્રની સેવા અને દેશભક્તિ એ દરેક નાગરિકની પ્રથમ ફરજ છે" - રાજ્યપાલ લે. જનરલ ગુરમીત સિંહજી

અહિંસા વિશ્વ ભારતીના સ્થાપક આચાર્ય લોકેશજી દિલ્હીમાં ઉત્તરાખંડના રાજ્યપાલ લેફ્ટનન્ટ જનરલ ગુરમીત સિંહજીને મળ્યા હતા અને રાષ્ટ્રીય મહત્વના મુદ્દાઓ પર ચર્ચા કરી હતી અને અહિંસા વિશ્વ ભારતી દ્વારા દેશ-વિદેશમાં ચાલી રહેલા વિવિધ કાર્યક્રમો વિશે તેમને માહિતી આપી હતી. આ સાથે આચાર્ય લોકેશજીએ અહિંસા વિશ્વ ભારતી સંસ્થા હેઠળ સ્થપાઈ રહેલા વર્લ્ડ પીસ સેન્ટરની પુસ્તિકા પણ રાજ્યપાલ ગુરમિત સિંહને અર્પણ કરી હતી. પ્રસિદ્ધ જૈનાચાર્ય આચાર્ય ડૉ.લોકેશજીએ રાજ્યપાલ સાથેની મુલાકાત દરમિયાન જણાવ્યું હતું કે સમાજના સમતોલ વિકાસ માટે મૂલ્ય આધારિત શિક્ષણ જરૂરી છે. વર્તમાન સમયમાં જ્યારે વિશ્વની વસ્તી અને ખાસ કરીને યુવા વર્ગ ડિજિટલ ઉપકરણો સાથે જોડાઈ રહ્યો છે ત્યારે શિક્ષણ પ્રણાલીમાં બદલાવ લાવવાની જરૂર છે. શિક્ષણ પ્રણાલીએ સંસ્કૃતિ ઘડતર પર ધ્યાન આપવું જોઈએ અને શાંતિ શિક્ષણને શિક્ષણ પ્રણાલીનો એક ભાગ બનાવવો જોઈએ. આચાર્યજીએ જણાવ્યું હતું કે, સામાજિક અને ધાર્મિક સંસ્થાઓ લોકોને જાગૃત કરવામાં મહત્વની ભૂમિકા ભજવી શકે છે અને સાથે સાથે શૈક્ષણિક સંસ્થાઓમાં મૂલ્ય આધારિત શિક્ષણ આપવામાં પણ મહત્વનું યોગદાન આપી શકે છે.




ઉત્તરાખંડના રાજ્યપાલ લે. જનરલ ગુરમીત સિંહે કહ્યું કે, સમાજ અને રાષ્ટ્રની સુરક્ષા અને નિર્માણમાં સૈન્ય પક્ષો અને સામાજિક સંગઠનોએ આપેલા યોગદાનની જેટલી પ્રશંસા કરવામાં આવે તેટલી ઓછી છે. તેમણે કહ્યું કે, આપણે બધાને આપણા સૈનિકો અને ભારતીય સેના પ્રત્યે પ્રેમ, આદર અને પ્રશંસા છે. રાજ્યપાલે વધુમાં કહ્યું કે રાષ્ટ્રની સેવા અને દેશભક્તિ એ ભારતના દરેક નાગરિકનું પ્રથમ કર્તવ્ય હોવું જોઈએ. દેશના નાગરિકોમાં દેશભક્તિ કેળવવા માટે પ્રાથમિક શિક્ષણમાં લશ્કરી તાલીમની જરૂર છે.

## પ્રજાના પ્રશ્નોના નિરાકરણ માટે તા. ૨૫ મી ઓગષ્ટે ગાધીનગર જિલ્લા કક્ષાનો 'સ્વાગત' કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર : મંગળવાર :

ગાંધીનગરની પ્રજાના પ્રશ્નોના નિરાકરણ માટે તા. ૨૫ મી ઓગષ્ટ,૨૦૨૨ ના રોજ જિલ્લા કક્ષાના સ્વાગત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં પોતાના પ્રશ્નો રજૂ કરવા ઈચ્છતા નાગરિકોએ પોતાના પ્રશ્નો તા. ૧૭મી ઓગષ્ટ સુધીમા રજૂ કરવાના રહેશે. ગાંધીનગર જિલ્લાના નાગરિકોની ફરિયાદ અને તેમના પ્રશ્નોનું સુખદ નિરાકરણ લાવવા માટે જિલ્લા કક્ષાએ સ્વાગત કાર્યક્રમનું આયોજન કરવામાં આવતું હોય છે. આગામી તા. ૨૫મી ઓગષ્ટ ૨૦૨૨ના રોજ ગાંધીનગર જિલ્લા કક્ષાના સ્વાગત કાર્યક્રમનું આયોજન જિલ્લા કલેક્ટરશ્રીની અધ્યક્ષતામાં કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ માટે નાગરિકોએ પોતાના પ્રશ્નો અને ફરિયાદો તા. ૧૭ મી ઓગષ્ટ, ૨૦૨૨ સુધીમાં કલેક્ટરશ્રી,ગાંધીનગરને મોકલી આપવા રહેશે. ત્યારબાદ મળેલા પ્રશ્નો આગામી 'જિલ્લા સ્વાગત'માં લેવામાં આવશે.

નાગરિકોએ પોતાની રજૂઆત બાબતે સબંધિત કચેરીઓ સાથે થયેલ પત્રવ્યવહારના કાગળો અને જરૂરી આધાર પૂરાવા સાથે બિડવાના રહેશે.

# કાણોદર એસ.કે.એમ હાઇસ્કુલ ખાતે વિદ્યાર્થીઓ ને ઈ.એફ.આઈ.આર નું માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો.




બનાસકાંઠા સમાચાર
રિપોર્ટ : દીલીપ ગોહીલ,
ગુજરાત સરકાર દ્વારા અનોખી પહેલ લોન્ચ કરાયેલ
હવે વાહન ચોરી કે મોબાઈલ ચોરી ની એફ.આઈ.આર. માટે પોલીસ સ્ટેશન જવાની જરૂર નથી: પી.એસ.આઇ. દેસાઇ

પાલનપુર તાલુકા ના કાણોદર ખાતે આવેલ સર્વોદય કેળવણી મંડળ સંચાલિત હાઈસ્કુલ ખાતે ઈ.એફ.આઈ.આર માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ માં મુખ્ય વક્તા તરીકે પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશન ના પોલીસ સબ ઈન્સપેક્ટર એ.કે.દેસાઇ ઉપસ્થિત રહ્યા હતા. જે ઓ એ ગુજરાત સરકાર દ્વારા તાજેતર માં કરવામાં આવેલ આ આગવી પહેલ વિશે વિસ્તૂત જાણકારી વિધ્યાર્થીઓ ને આપી હતી.જયારે વાહન ચોરી કે મોબાઈલ ચોરીની આકસ્મિક ઘટના બને તેવા સંજોગોમાં પોલીસ સ્ટેશને જવાની જરૂર નથી. ઘરે બેઠા કેવી રીતે એફ.આઈ.આર. કરવી તેના વિશે માહિતી આપી હતી. આ ઉપરાંત ગુજરાત પોલીસની સિટીજન પોર્ટલ, સિટીજન ફર્સ્ટ મોબાઈલ એપ થી ગમે ત્યારે ઓનલાઇન ફરિયાદ નોંધાવવી અને પોલીસ ની વિવિધ ૧૪ સેવાઓ આંગળી ના ટેરવે ગણી શકાય તે અંગે ની માહીતી આપી હતી. કાર્યક્રમ ની શરૂઆત માં શાળા પરિવાર દ્વારા આવનાર મહેમાનો નું પુષ્પ ગુચ્છ તેમજ સાલ ઓઢાડી સ્વાગત કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમ માં એ.એસ. આઇ જયેશભાઇ ચૌધરી, પોલીસ કોન્ટેબલ કનેશભાઇ ચૌધરી,કેશરભાઇ ચૌધરી,પાલનપુર તાલુકા પોલીસકર્મીઓ,હોમગાર્ડ જવાનો, ઉપરાંત શાળા ના કેમ્પસ ડાયરેક્ટર હસનભાઇ કુગશીયા, શાળા ના આચાર્ય બિંદુબેન ઠક્કર , શાળા ના સ્ટાફ, કાણોદર સરપંચ દીલીપભાઇ સાલ્વી,ડે.સરપંચ કલબેઅબ્બાસ સુણસરા, ઠાકોર સમાજ ના આગેવાન ઉદેસિંહભાઇ ઠાકોર, ભોમાજી ઠાકોર , ન્યુઝ ઓફ ગાંધીનગર ના જીલ્લા રિપોર્ટર દીલીપભાઇ ગોહીલ તેમજ સાથી પત્રકારમિત્રો હાજર રહ્યા હતા.

# ડાંગ દરબાર હોલ આહવા ખાતે સ્વરોજગાર મેળો યોજાયો

## દરેક વિભાગમા મહિલાઓની ભાગીદારી જોવા મળે છે

- ડાંગ ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલ



:આહવા:તા:૦૩: ડાંગ દરબાર હોલમા આહવામા 'નારી વંદન ઉત્સવ' અને 'વિશ્વ સ્તનપાન સપ્તાહ' ના ભાગરૂપે જિલ્લા વહીવટી તંત્ર અને મહિલા અને બાળ કચેરી દ્વારા મહિલા સ્વાવલંબન દિવસ અંતર્ગત આજરોજ સ્વરોજગાર મેળો આયોજિત કરવામા આવ્યો હતો.

ડાંગ જિલ્લા ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલે જણાવ્યુ હતુ કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મહિલાઓ માટે અનેક યોજનાઓ અમલી બનાવી છે. આજે દરેક વિભાગમા મહિલાઓની ભાગીદારી જોવા મળે છે. ડાંગ જિલ્લામા દહેજના નહીવત કેસો જોવા મળે છે જે જિલ્લા માટે ગૌરવપૂર્ણ બાબત છે. અનેક સમજો દીકરી બચાવવા આંદોલનો કરે છે, પરંતુ ડાંગનો આદિવાસી સમાજ દીકરી જન્મને વધાવી દીકરા સમાન દીકરીને મહત્વ આપે છે. ડાંગ જિલ્લાની દૂધમંડળીમા મહિલાઓનો મુખ્ય ફાળો રહ્યો છે. ડેરી ઉધોગના કારણે મહિલાઓ આત્મનિર્ભર બની છે. વધુમા શ્રી પટેલે સરકારની યોજનાઓનો લાભ લેવા અનુરોધ કર્યો હતો.

જિલ્લા પંચાયત ઉપ પ્રમુખ શ્રીમતી સારૂબેને જણાવ્યુ હતુ કે, આજે મહિલાઓ જુદા જુદા વિભાગો, સખી મંડળ, સ્વ સહાય જૂથો દ્વારા સ્વાવલંબન બની છે. દરેક વિભાગમા મહિલાઓ આગવુ પ્રતિનિધિત્વ ધરાવે છે. જે ગૌરવપૂર્ણ બાબત છે.

બરોડા સ્વરોજગાર વિકાસ સંસ્થાનના ડાયરેક્ટ શ્રી આર. વિ પાઠકે મહિલાઓ માટે સ્વાવલંબન પુરી પાડતી તાલીમ સંસ્થા વિશે માહિતી આપી હતી. સાથે મહિલાઓ પોતાનો આર્થિક તથા સામાજિક સ્તર ઊંચો લાવી શકે તે માટે ટ્રેનિંગ પ્રોગ્રામ વિશે પણ જાણકારી પુરી પાડી હતી. મદદનીશ અધિકારી શ્રી દેવીદાસભાઈ વાઘે કુટિર ઉધોગની યોજનાકીય માહિતી પુરી પાડી હતી.નારી વંદન ઉત્સવ કાર્યક્રમમા ઉપસ્થિત મહાનુભાવો દ્વારા મહિલાઓને રોજગાર પત્રો, વ્હાલી દીકરી ના પ્રમાણ પત્રો આપવામા આવ્યા હતા. મુખ્યમંત્રી માતૃ શક્તિ યોજના અંતર્ગત કીટ વિતરણ કરવામા આવી હતી તેમજ ગંગા સ્વરૂપા બહેનોનુ સ્વાગત કરવામા આવ્યુ હતુ. 'બેટી બચાવો બેટી પઠાવો' માટે પ્રતિજ્ઞા લેવામા આવી હતી.

આ કાર્યક્રમમાઆહવા તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી કમળાબેન રાઉત, મહિલા અને બાળ વિકાસ યુવા પ્રવૃત્તિ સમિતિના અધ્યક્ષા શ્રીમતી સારૂબેન વળવી, શિક્ષણ સમિતિ અધ્યક્ષ મધુભાઈ,જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી ભાવિન પંડ્યા, જિલ્લા વિકાસ અધિકારી શ્રી ડો. વિપિન ગર્ગ, દહેજ પ્રતિબંધક અધિકારી શ્રી સુનીલ સોરઠીયા, ચાઈલ્ડ ડેવલોપમેન્ટ ઓફિસર શ્રીમતી જીગનીષાબેન, તેમજ અન્ય અધિકારીઓ અને મહિલાઓ ઉપસ્થિત રહી હતી.

નરેન્દ્ર પવાર
ડાંગ

# દાંતા વ્યાપક લોક ફરિયાદો છતાં દાંતા પોલીસ મથકે ફરજ બજાવતા એક જમાદાર પર ઉચ્ચ અધિકારીઓના ચાર હાથ

પોલીસ ખાતામાં ફરજ બજાવતા મોટા ભાગના પોલીસ કર્મચારીઓની જિલ્લા પોલીસ વડા કે અન્ય ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા દર ચાર પાંચ વર્ષ બદલીઓ કરવામાં આવતી હોય છે ત્યારે બનાસકાંઠા જિલ્લાના અંતરિયાળ વિસ્તારમાં આવેલા પછાત દાંતા તાલુકામાં દાંતા પોલીસ મથકે ફરજ બજાવતા રાહુલ નામના ટ્રાફિક જમાદાર નાં વિરુદ્ધ અનેક લોક ફરિયાદો હોવા છતાં વરસોથી પોલીસ વડા દ્વારા તેમની બદલી કરવામાં આવતી નથી.તાજેતરમા તેમની અન્ય પોલીસ મથકે બદલી કરવામાં આવી હતી પરંતુ ગણતરીના દિવસોમાં જ પાછાં દાંતા પોલીસ મથકે બદલી કરી દેવાતાં સ્થાનિકોમાં અનેક તર્ક વિતર્કો થઈ રહ્યા છે અને જિલ્લા પોલીસ વડાની કામગીરી સામે અનેક સવાલ ઉઠી રહ્યા છે.સ્થાનિકમાં થતી લોક ચર્ચા મુજબ ટ્રાફિકમાં ફરજ બજાવતા આ રાહુલ નામના જમાદારે વાહન ચાલકો પાસેથી ઉઘરાણું કરવામાં મહારથ હાંસલ કરેલું છે .

જ્યારે જુઓ ત્યારે ઉઘરાણું કરતાં હોય છે તેમજ ઘણી વખત તો પોતાનું ખાનગી વાહન નંબર પ્લેટ વગરનું નામ છુપાવવા હપ્તાઓ ઉઘરાવવા નિકળતા હોય છે જેને લઈ આ જમાદાર સામે અનેક આક્ષેપો થતાં પોલીસ વડા દ્વારા તાજેતરમાં તેમની બદલી અન્ય પોલીસ મથકમાં કરી દેવામાં આવી હતી પરંતુ ગણતરીના દિવસો માંજ પાછી બદલી કરી ફરી દાંતા પોલીસ મથકે ફરજ પર હાજર કરી દેવાતાં જિલ્લા પોલીસ વડાની કામગીરી સામે સ્થાનિકો દ્વારા ગંભીર સવાલો ઉઠવામાં આવી રહ્યા છે સ્થાનિકો દ્વારા રાહુલ નામના જમાદાર ઉઘરાણું કરી સારી એવી રકમ ઉપર સુધી પોહચાડે છે જેથી તેમની બદલી કરવામાં આવતી નથી તેવાં ગંભીર આક્ષેપો કરવામાં આવી રહ્યાં છે જેને લઈ સમગ્ર જિલ્લાના પોલીસ કર્મચારીઓ બદનામ થઈ રહ્યાં છે ત્યારે એક જમાદારના કારણે દાંતા પોલીસ મથકમાં ફરજ બજાવતા બધા પોલીસ કર્મચારીઓ બદનામ થાય તે પહેલાં સત્વરે દાંતા પોલીસ મથકે ફરજ બજાવતા રાહુલ જમાદારની બદલી કરવામાં આવે તેવી સ્થાનિકો માંગ કરી રહ્યા છે

## આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત 'હર ઘર તિરંગા 'અભિયાનના ભાગરૂપે

# ડાંગ જિલ્લા પ્રાથમિક શાળાના બાળકો દ્વારા રેલી કાઢવામા આવી




આહવા :તા : ૦૩: આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત 'હર ઘર તિરગા ' અભિયાનના ભાગરૂપે આજરોજ ડાંગ જિલ્લા શિક્ષણ અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ જિલ્લાની તમામ પ્રાથમિક શાળાના બાળકો દ્વારા રેલી કાઠવામા આવી હતી.

ડાંગ જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી એમ.સી.ભુસારાએ જણાવ્યુ હતુ કે, દેશભરમા ૧૫મી ઓગસ્ટની ઉજવણીના ભાગરૂપે 'હર ઘર તિરંગા' ની થીમ પણ ઉજવણી કરવામા આવનાર છે ત્યારે ડાંગ જિલ્લામા પણ શિક્ષણ વિભાગ તેમજ સરકારના પ્રયાસથી તા ૨ ઓગસ્ટ થી ૧૫ તારીખ સુધી 'હર ઘર તિરંગા'ના અલગ અલગ પ્રોગ્રામ કરવામા આવનાર છે.

આજરોજ ડાંગ જિલ્લાની તમામ પ્રાથમિક શાળાઓના બાળકો દ્વારા રેલી સ્વરૂપે ગ્રામજનોને 'હર ઘર તિરંગા' થી વાકેફ કર્યા હતા. તા. ૧૩ થી ૧૫ ઓગસ્ટ સુધી દરેક ઘરો ઉપર તિરંગો લહેરાવવામા આવે તેમજ લોકોમા જન જાગૃતિ આવે તે બાબતે નાના ભૂલકાઓ દ્વારા ધ્વજ સાથે નારા લગાવવામા આવ્યા હતા.ડાંગ જિલ્લામા 'હર ઘર તિરંગા' અંતર્ગત ૫૦ હજારથી વધારે ઘરો તેમજ તમામ સરકારી મકાનો, ૫૦૦ થી વધુ શાળાઓ ઉપર તિરંગો લહેરાવશે.ડાંગ જિલ્લા શિક્ષણ વિભાગ દ્વારા 'હર ઘર તિરંગા' અંતર્ગત જુદા જુદા કાર્યક્રમો કરવામા આવનાર છે. જેમા બાળકો માટે ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા યોજવામા આવશે. આ પ્રવુતિઓથી બાળકોમા રાર્ષ્ટ્રભાવના વધશે.

નરેન્દ્ર પવાર
ડાંગ

# આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત ગાંધીનગર જિલ્લાના ૭૫ અમૃત સરોવરમાંથી ૨૦ અમૃત સરોવર ખાતે ધ્વજવંદન કાર્યક્રમ યોજાશે

ગાંધીનગરઃ મંગળવારઃ
ગાંધીનગર જિલ્લામાં દહેગામના – ૮, ગાંધીનગરના – ૨ , કલોલના – ૬ અને માણસાના – ૪ ગામના અમૃત સરોવર ખાતે આ કાર્યક્રમ યોજાશે.

રાષ્ટ્રીય પર્વની ઉજવણી ૧૦ મનરેગા હેઠળ અને ૧૦ ડબલ્યુ.આર.ડી. દ્વારા નિર્માણ કરવામાં આવેલા અમૃત સરોવર ખાતે કરવામાં આવશે.

ગાંધીનગર જિલ્લામાં આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત તા. ૧૫મી ઓગષ્ટ- સ્વાતંત્ર્ય પર્વના દિવસે જિલ્લાના ૨૦ અમૃત સરોવર ખાતે ધ્વજવંદનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ૨૦ અમૃત સરોવરમાં ૧૦ મનરેગા હેઠળ અને ૧૦ ડબલ્યુ.આર.ડી હેઠળ નિર્માણ પામેલા અમૃત સરોવર ખાતે આ કાર્યક્રમ યોજાશે, તેવું જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક શ્રી દેવાંગી દેસાઇએ જણાવ્યું છે.

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક શ્રી દેવાંગ દેસાઇએ જણાવ્યું છે કે, ગાંધીનગર જિલ્લામાં કુલ- ૭૫ અમૃત સરોવર બનાવવામાં આવ્યા છે. આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત તા. ૧૫મી ઓગષ્ટના રોજ જિલ્લાના ૭૫ માંથી ૨૦ અમૃત સરોવર ખાતે રાષ્ટ્રીય પર્વ નિમિત્તે ધ્વજ વંદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

૨૦ અમૃત સરોવરમાં ગાંધીનગર તાલુકાના – ૨, દહેગામ તાલુકાના – ૮, કલોલ તાલુકાના – ૬ અને માણસા તાલુકાના – ૪ ની પસંદગી કરવામાં આવી છે. જેમાં દહેગામ તાલુકાના ઘારિસણા, હાથીજણ, ડુમેચા, સાંપા, મીરાપુર, અંત્રોલી અને સગદલપુરના બે તળાવો ખાતે, ગાંધીનગર તાલુકાના કોલવડા અને છાલા ગામના, માણસા તાલુકાના આજોલ, કુવાદરા, ઘમેડા અને અનોડિયા ( ડોડીપાર) અને કલોલના હાજીપુર, ગોલથરા, ખોરજ ડાભી, વાંસજડા અને પાનસર ગામના બે તળાવ ખાતે ધ્વજ વંદન કાર્યક્રમ યોજાશે.

આ કાર્યક્રમ અંતર્ગત તળાવની આસપાસમાં વૃક્ષારોપણ, બેસવા માટે બાંકડા, ફાઉન્ડેશન સ્ટોન અને અન્ય સુવિધાઓ લોકભાગીદારીથી ઉભી કરવામાં આવશે. તેમજ ધ્વજવંદનનો કાર્યક્રમ ગામમાં કોઇ સ્વાતંત્ર્યવીર હોય તો તેમના હસ્તે કે તેમના પરિવારના હસ્તે કરાવવામાં આવશે. આ કાર્યક્રમમાં તમામ ગ્રામજનો સહભાગી બને તેવું સુચારું આયોજન પણ કરવામાં આવ્યું છે.

# આહવા સર્કિટ હાઉસ ખાતે 'કોફી વિથ કલેકટર' કાર્યક્રમ યોજાયો

## ડાંગ કલેકટર શ્રી ભાવિન પંડ્યાએ વિધાર્થીનીઓ સાથે સવાંદ સાધ્યો;

ડાંગ જિલ્લો રાજયમા 'દિશાચિહ્નરૂપ' જિલ્લો છે
કલેકટર શ્રી ભાવિન પંડ્યા;



આહવા : તા: ૦૩: ડાંગ જિલ્લા આહવા સર્કિટ હાઉસ ખાતે નારી વંદના સપ્તાહ કાર્યક્રમ અંતર્ગત આહવાની સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાની વિદ્યાર્થીનીઓનો, જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી ભાવિન પંડ્યા સાથે 'કોફી વિથ કલેકટર' કાર્યક્રમ યોજાયો હતો.

'કોફી વિથ કલેકટર' કાર્યક્રમમા ડાંગ જિલ્લા વડા શ્રી ભાવિન પંડ્યાએ આહવા સરકારી શાળાની વિધાર્થીનીઓ સાથે મોકળા મને સંવાદ કાર્યક્રમ કર્યો હતો. આ કાર્યક્રમમા જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી એમ.સી.ભુસારા, આઈ.સી.ડી.એસ.જિલ્લા પ્રોગ્રામ ઓફિસ શ્રીમતી ભાવનાબેન જીડીયા, ડાંગ જિલ્લા દહેજ પ્રતિબંધક અધિકારી શ્રી સુનિલ ડી.સોરઠીયા ઉપસ્થિત રહ્યા હતા.

જિલ્લા કલેકટર શ્રી ભાવિન પંડ્યાએ આ પ્રસંગે વિદ્યાર્થીનીઓ સાથે સવાંદ કરતા જણાવ્યુ હતુ કે, આપણે સૌએ 'બેટી બચાવો બેટી પઢાવો' સૂત્રને ખરા અર્થમા સાર્થક કરવાનુ છે. દીકરી આપણા માટે આનંદ, સંતોષ અને સ્વમાન માટે છે. દીકરીને કામ કરવાની છૂટ આપવી પોતાની રીતના સ્વતંત્ર જીવવાની સાથે દીકરી પોતાના પગભર થઈ શકે છે. ડાંગ જિલ્લાની ઘણી દીકરીઓ ઉચ્ચ કક્ષાએ કામ કરે છે. તેમજ સરિતા ગાયકવાડે વિશ્વ કક્ષાએ ડાંગનુ નામ રોશન કર્યુ છે.

ડાંગ જિલ્લો જેન્ડર રેસિયોમા રાજયમા સૌથી આગળ છે. મહિલાઓની નારી સ્વતંત્ર્ય માટે ડાંગ જિલ્લો વિકસિત છે. અહીં મહિલાઓના અત્યાચાર, દહેજના પ્રશ્નો જોવા મળતા નથી તેમજ પુરુષો જેટલુ જ સન્માન સ્ત્રીઓને આપવામા આવે છે. અન્ય વિકસિત દેશો કરતા આદિવાસી સમાજની વ્યવસ્થા ખુબ જ આગળ છે. માનવીય મૂલ્યો ધરાવતો ડાંગ જિલ્લાની વ્યવસ્થા ખુબજ સારી છે. ડાંગ જિલ્લો રાજયમા 'દિશાચિહ્નરૂપ' જિલ્લો છે તેમ શ્રી ભાવિન પંડ્યાએ વધુમા જણાવ્યુ હતુ.

દીકરી વગરનો સંસાર અધૂરો છે. જીવનના દરેક પાસામા દીકરીનો બાળકી,માતા, વહુ, સાસુ,દાદી વેગેરેનો અમૂલ્ય ફાળો રહેલો છે. તેમ જણાવતા શ્રી સુનિલ ડી. સોરઠીયાએ ઉપસ્થિત વિદ્યાર્થીનીઓ તેમજ માતાઓને વ્હાલી દીકરી યોજના અંગે જાણકારી આપી હતી. વ્હાલી દીકરી યોજનાનો મુખ્ય હેતુ સમાજમા દીકરીઓનુ પ્રમાણ જળવાઈ રહે તેમજ શાળાઓમા ડ્રોપ આઉટ રેસિયો ઘટાડવાનાનુ છે જેના માટે આ યોજના અંતર્ગત ૧લાખ ૧૦ હજાર રૂપિયા આપવામા આવે છે.

આ કાર્યક્રમમા ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે વ્હાલી દિકરી યોજનના લાભાર્થી બહેનોને પ્રમાણપત્ર એનાયત કરવામા આવ્યા હતા.

નરેન્દ્ર પવાર
ડાંગ

# વેટરનરી કૉલેજ, નવસારી ખાતે દ્રિ દિવસીય પશુપાલન વિષય પર તાલીમ નું આયોજન કરાયું




પશુચિકત્સા અને પશુપાલન મહાવિદ્યાલય કામધેનુ યુનિવર્સિટી, નવસારી ખાતે એલ. એફ. સી વિભાગ દારા કેર ઇન્ડિયા ના સયુંકત ઉપક્રમે તારીખ ૨૮-૨૯/૦૭/૨૦૨૨ દરમિયાન દ્રિ દિવસીય પશુપાલન વિષય આધારિત તાલીમ નું આયોજન કરવામાં આવેલ હતું.આ તાલીમ માં મુખ્ય સંયોજક તરીકે ડો. યોગેશ. ડી. પઢેરીયા (મદદનીશ પ્રધ્યાપક અને વડા એલ. એફ. સી) તેમજ અખિલશ કુમાર ( કેર ઇન્ડિયા ) અને સહ સંયોજક તરીકે ડો. નિખિલ એસ. ડાંગર, ડો જીગ્નેશ. કે. મોવલિયા દારા આયોજન કરવામાં આવ્યું.તાલીમ ના પ્રથમ દિવસે તારીખ ૨૮.૦૭.૨૦૨૨ રોજ સવારે ૧૦.૦૦ વાગ્યે તાલીમ ઉદ્ઘાટન સમારોહ આયોજિત કરવામાં આવેલ જેમાં મુખ્ય અતિથી શ્રી તરીકે ડો. વી. બી. ખરાદી આચાર્ય વેટરનરી કૉલેજ, કામધેનુ યુનિવર્સિટી,નવસારી અને ડો. સુનિલ ચૌધરી ( સંશોધન વૈજ્ઞાનિક અને વડા શ્રી, પશુ સંશોધન કેન્દ્ર, નવસારી ) હાજર રહેલા હતા.જેમાં સૂરત, ઓલપાડ અને ચોર્યાસી એમ ત્રણ તાલુકા ના જુદા જુદા વિસ્તાર માંથી ખેડૂતો આવેલા હતા. તાલીમ ઉદ્ઘાટન દરમિયાન ડો યોગેશ. ડી. પઢેરીયા દારા માન. સાહેબશ્રી અને ઉપસ્થિત ખેડૂતો નું સ્વાગત તેમજ અભિવાદન કરવામાં આવ્યું. ડો. સુનિલ ચૌધરી દારા ખેડૂતો વૈજ્ઞાનિક અને પશુપાલન અંગે માહિતગાર કર્યા અને આભાર વ્યકત કર્યા હતા ત્યાર બાદ ડો. વી. બી. ખરાદી દારા તાલીમ ને ઉદેશી ને પોતાનું વક્તવ્ય આપ્યું હતું.દ્રિ દિવસીય પશુપાલન તાલીમ દરમ્યાન ખેડૂતો ને પશુપાલન વિષય પર આધારિત વિષય નિષ્ણાંતો દારા જુદા જુદા વ્યાખ્યાનો જેમ કે સફળ દૂધ ઉત્પાદન, પશુઓમા વંધ્યતવ્ય નિવારણ પગલા, ડેરી ઉદ્યોગ અને તેની લગતી સરકારી યોજના, પશુ સંવર્ધન ની અગત્યતા, પશુ ઓ મા આહાર વ્યવસ્થા, અગત્યના રોગો તેની પ્રાથમિક સારવાર રોગ નિદાન અને તેની અગત્યતા તેમજ હાલમા પ્રવતિત લમ્પી સ્કિન રોગ ( ગાંઠાદાર ત્વચા નો રોગ ) અંગે માહિતગાર કરી તેના નિવારણ અંગે સૂચિત કરવામાં આવ્યું.આ તાલીમ ને ત્રાણેય તાલુકા ના ૨૧ જેટલા પશુપાલકો દારા લાભ લેવામાં આવેલ હતો. તાલીમ દરમ્યાન મોટાભાગ ના પશુપાલકો ને ઉપયોગી વિષય ને આવરી લાવેમાં આવેલ હતા.

# ભારતીય તટરક્ષક દળના પ્રાદેશિક પ્રેસિડેન્ટ તટરક્ષિકા (ઉત્તર પશ્ચિમ) એ "નારી શક્તિ – સ્વચ્છતા સે સુરક્ષા તક" અભિયાનનો પ્રારંભ કરાવ્યો

અમદાવાદ
બુધવાર, ૦૩ ઑગસ્ટ, ૨૦૨૨

દેશ અત્યારે આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી કરી રહ્યો છે ત્યારે, ભારતીય તટરક્ષક દળ (ઁઝ૪) દ્વારા સમુદ્રના બીચોની સ્વચ્છતા અને સુરક્ષાના ઉદ્દેશ સાથે "નારી શક્તિ – સ્વચ્છતા સે સુરક્ષા તક" અભિયાનનો આરંભ કરવામાં આવયો છે જે આ તેના નામ મુજબ સાર્થક થાય તે સુનિશ્ચિત કરવા માટે માછીમાર મહિલાઓને સમાવતી અનોખી પહેલ છે. ૦૩ ઑગસ્ટ ૨૦૨૨ના રોજ ગાંધીનગરમાં આવેલા સ્વર્ણીમ પાર્ક ખાતે પ્રાદેશિક કમાન્ડરની ઉપસ્થિતિમાં પ્રાદેશિક પ્રેસિડેન્ટ તટરક્ષિકા (ઉત્તર પશ્ચિમ) શ્રીમતી કવિતા હરબોલા દ્વારા આ અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

આ અભિયાન અંતર્ગત, ૦૩-૦૬ ઑગસ્ટ ૨૦૨૨ દરમિયાન ICG કર્મીઓની ધર્મપત્નીઓ અને મહિલા અધિકારીઓ ગુજરાતના દરિયાકાંઠાઓનો પ્રવાસ કરશે અને ગુજરાતના મુખ્ય માછીમારી વિસ્તારોની મુલાકાત લઈને મહિલાઓ સાથે સંવાદ કરશે .

અને તેમજ સુરક્ષિત સમુદ્ર, બીચની સ્વચ્છતા અને વ્યક્તિગત સ્વચ્છતા અંગે તેમને સમજણ પૂરી પાડીને આ બાબતે સંવેદનશીલ કરશે.

૦૩ થી ૦૬ ઑગસ્ટ ૨૦૨૨ સુધીના આ અભિયાન દરમિયાન ગુજરાતના દરિયાકાંઠાના લગભગ ૧૨૦૦ કિમીના વિસ્તાર અને રસ્તામાં આવતા ગામડાઓને આવરી લેવામાં આવશે, તેમજ ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૨ ના રોજ આંતરરાષ્ટ્રીય સમુદ્રકાંઠા સ્વચ્છા દિવસ સુધીમાં યોજનારી વિવિધ પ્રવૃત્તિઓની શ્રેણીમાં આ શરૂઆત છે. ગુજરાત મત્સ્યઉછેર વિભાગ અને ગુજરાત સમુદ્રી પોલીસ પણ આ અભિયાનમાં ભાગ લેશે.

લાયન્સ કલબ ગાંધીનગર અને મેસર્સ મૂડ ઓફ વુડ, ફર્નિચર હાઉસ દ્વારા આ ઉદ્દેશ માટે તટરક્ષિકાઓને સમર્થન આપવામાં આવી રહ્યું છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.